એપ્રિલ ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



# ઋષભદેવ ભગવાન





## સંપાદકીય

બાળમિત્રો,

આપણે સહુ જાણીએ છીએ, કે ચોવીસ તીર્થંકર ભગવાન છે. એમાંથી પ્રથમ તીર્થંકર ભગવાન કોણ હતા ? શ્રી ઋષભદેવ ભગવાન, જેઓ આદિનાથ ભગવાન તરીકે પણ ઓળખાય છે. આદિ એટલે શરૂઆત. શ્રી ઋષભદેવ ભગવાને શેની શરૂઆત કરી ? લાખો વર્ષ પહેલા કેવો કાળ હતો ? ભગવાને લોકોને શું શું શીખવ્યું ? ભગવાનના પરિવારમાં કોણ કોણ હતું ?

ચાલો, આ અંકમાં અચરજ ભરી વાતો જાણીએ અને ભગવાનને હૃદયમાં રાખી ભક્તિભાવથી એમની આરાધના કરીએ.

- ડિમ્પલ મહેતા




અક્રમ એક્સપ્રેસ

April, 2026
Year 18, Issue : 08
Conti. Issue No.: 212
Published Monthly



સંપર્ક સૂત્રઃ
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2026, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL

# એ વખતનો કાળ

ઘણા ઘણા વર્ષો પહેલાની આ વાત છે. એ જમાનામાં અમૃત જેવા મીઠા ફળ મળતા અને અમૃત જેવું મીઠું પાણી વહેતું. કંઈ પણ ખાવા જોઈએ, તો કલ્પવૃક્ષ પાસે મળી જાય. અરે, ફક્ત ખાવાનું જ નહીં, કલ્પવૃક્ષ પાસે જે કંઈ પણ માંગે તે તરત જ મળી જાય. કંઈ પણ જોઈતું હોય, તો મેળવવા માટે કામ ના કરવું પડે. ફક્ત કલ્પવૃક્ષ પાસે માંગવાનું જ હોય !

માણસો સરસ મજાનું ખાય-પીવે, જંગલમાં હરે-ફરે અને મજા કરે. એ જમાનામાં માણસોનો જન્મ જોડકાઓમાં જ થતો. એટલે કે એકસાથે જોડકા જન્મે. જોડકાઓનું નામ યુગલિયા. એટલે એ કાળને ‘યુગલિયા કાળ’ પણ કહેવાતો. યુગલિયાઓની જીંદગી બહુ સુખી હતી. કોઈને કોઈની સાથે ક્યારેય ઝઘડો ના થાય. આખી જીંદગી બસ આનંદ, આનંદ અને આનંદ જ રહે !



આ એ જમાનાની વાત છે, જ્યારે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો. ભગવાનના માતાશ્રીનું નામ મરુદેવી હતું. જ્યારે તીર્થંકર ભગવાન મરુદેવી માતાના ગર્ભમાં આવ્યા, ત્યારે દેવ-દેવીઓ ભક્તિભાવ અને આનંદ-ઉલ્લાસથી મરુદેવી માતાની સેવામાં લાગી ગયા. દેવીઓએ મરુદેવી માતાને અમુક પ્રશ્ન પૂછ્યા. એ પ્રશ્ન એવા હતા, કે સામાન્ય લોકોથી એના જવાબ આપી શકાય નહીં. પણ મરુદેવી માતાએ બધા જ પ્રશ્નોના જવાબ આપ્યા. એનું કારણ એ હતું, કે મરુદેવી માતાના ગર્ભમાં તીર્થંકર ભગવાનનો જીવ હતો.

ભગવાનનો જન્મ થયો, એટલે દેવો એમના વિમાનોમાં ભગવાનનો જન્મોત્સવ ઉજવવા માટે ભેગા થયા. આખી પૃથ્વી પર જાણે આનંદ આનંદ છવાઈ ગયો. દેવો ભગવાનને મેરુપર્વત પર લઈ ગયા અને સ્નાન કરાવ્યું. ભગવાનનો પ્રભાવ ગજબ હતો. ભગવાન એવા આકર્ષક હતા, કે દેવોને પણ એમની પાસેથી ખસવાનું મન ના થાય. દેવો પણ રાત-દિવસ ભગવાનની ભક્તિ અને સેવા ઈચ્છતા. ધીમે ધીમે વૈભવ અને લાડમાં ભગવાનનો ઉછેર થયો.

યુવાનવયમાં પિતાની આજ્ઞા થવાથી ઋષભદેવ ભગવાનના લગ્ન થયા.



# કાળ બદલાયો



ધીરે ધીરે કાળ બદલાયો. કલ્પવૃક્ષ ઘટી ગયા. દિવસે દિવસે સુખ ઓછું થતું ગયું. એવો વખત આવ્યો, કે કલ્પવૃક્ષના ફળ મળતા બંધ થઈ ગયા.

ખેતીવાડી કોઈને આવડતી નહોતી. બધા ઋષભદેવ ભગવાન પાસે ફરિયાદ લઈને આવ્યા. ભગવાને બધાને ખેતીવાડી કરતા શીખવી.



બધા ઊગેલું અનાજ કાચું જ ખાવા લાગ્યા. પણ એ અનાજ કોઈને પચે નહીં. એક દિવસ બધાએ ભગવાન પાસે આવીને ફરિયાદ કરી, 'પ્રભુ, કોઈ ઉપાય બતાવો. અમને કંઈ ખાધેલું પચતું નથી.'

અનાજને હાથથી મસળો, પાણીમાં પલાળો ને પડીયામાં લઈને ખાઓ. તો અપચો નહીં થાય.



લોકોએ તેમ કર્યું. પણ થોડા દિવસ થયા ને ફરીથી અપચો શરૂ થયો. એટલે સહુ ફરી ભગવાન પાસે આવ્યા અને ફરિયાદ કરી, કે ખાધેલું પચતું નથી. ભગવાને બીજા ઉપાયો બતાવ્યા. જે થોડા દિવસ ચાલ્યા.






એટલામાં એક દિવસ જોરથી પવન ફૂંકાયો. સામસામી ઝાડની મોટી ડાળીઓ અથડાઈ અને કડાકા-ભડાકા થયા. અચાનક બે ડાળીઓ એકબીજા સાથે ઘસાવવાથી અગ્નિ ઉત્પન્ન થઈ અને ડાળીઓ ભડભડ સળગવા લાગી. લોકોએ પહેલા ક્યારેય અગ્નિ જોઈ જ નહોતી. એટલે બધા અગ્નિ જોઈને ગભરાઈ ગયા.

એમને થયું, 'ચાલો, આને ઉપાડીને ફેંકી દઈએ.' તેઓ હાથ લંબાવીને અગ્નિ પકડવા ગયા, પણ હાથ દઝાઈ ગયો. બધા બૂમો પાડવા લાગ્યા અને બૂમો પાડતા પાડતા પહોંચ્યા ફરી ભગવાન પાસે.






લોકોએ લાકડા ભેગા કરીને મોટું તાપણું બનાવ્યું અને પલાળેલું અનાજ સીધું તાપણામાં નાખ્યું. અને અનાજ રંધાવવાની રાહ જોવા લાગ્યા. થોડી વારમાં બધું અનાજ બળીને ખાખ થઈ ગયું.





લોકોને થયું, 'આ તો વળી અંદર કેવું જાનવર છે, કે જેટલું આપીએ છીએ તેટલું ખાઈ જાય છે. પાછું તો કંઈ આપતું જ નથી.' સહુ નિરાશ થઈને ફરી ભગવાન પાસે ગયા.


ભગવાને ફરિયાદ સાંભળી અને બધાને સરસ મજાના માટીના વાસણ બનાવતા શીખવ્યા. સહુએ વાસણ બનાવ્યા અને તેમાં અનાજ રાંધવા માંડ્યા અને ધરાઈને ખાવા લાગ્યા.





લોકો વાસણોમાં રાંધવા તો માંડ્યા, પણ વાસણો રાખવા ક્યાં ? ભગવાને બધાને ઘર બાંધતા શીખવ્યું. લોકો જંગલમાં ઘર બાંધીને રહેવા લાગ્યા.


પણ, ઘર કંઈ એમ ને એમ શોભે ? કંઈક શણગારવું તો પડે ને ? તેથી શ્રી ઋષભદેવ ભગવાને અમુક લોકોને ચિત્રો દોરવાની કળા શીખવી.




થોડા દિવસો પછી ભગવાને લોકોને ઝાડની છાલના કપડાં બનાવતા શીખવ્યું. આમ, ભગવાને લોકોને ઘણી કળાઓ શિખવાડી. થોડા દિવસો પછી ભગવાનને ફરિયાદ મળી કે લોકોમાં લડાઈ ઝઘડા વધી ગયા છે.



ઋષભદેવના પિતાશ્રી શ્રી નાભી કુળકરે આ લડાઈ ઝઘડાઓનો અંત લાવવા માટે શ્રી ઋષભદેવને રાજા બનાવ્યા. તેઓ સહુથી પહેલા રાજા થવાથી આદિનાથ પણ કહેવાયા. (આદિ - શરૂઆત)



અત્યાર સુધી લોકો છૂટાછવાયા રહેતા હતા, પણ ઋષભદેવ રાજા થયા, એટલે એમણે એક સુંદર શહેર બનાવ્યું. અંદર મોટા મોટા મકાનો ને મોટી શેરીઓ બનાવી.



શ્રી ઋષભદેવ ભગવાને લોકોને જંગલમાં રહેતા જાનવરો જેમ કે ગાય, ભેંસ, ઘોડા વગેરેની મદદથી ખેતી કરતા શીખવ્યું. પછી એકબીજા સાથે માલની લેવડ-દેવડ કરીને વેપાર કરતા શીખવ્યું. રાજ્યનું રક્ષણ કરવા માટે વિવિધ શસ્ત્રો બનાવતા પણ શીખવ્યું.





ભગવાને એમની દીકરીઓ બ્રાહ્મી અને સુંદરીને શિક્ષણ આપ્યું. કક્કો-બારાક્ષરી અને ગણિતના પાઠ શીખવીને ભગવાને ભણતરની શરૂઆત કરી.

આમ, ઘણો સમય વીત્યો. લોકોનું જીવન શાંતિથી વીતી રહ્યું હતું. ઋષભદેવ ભગવાને પોતાના પુત્રોને જુદા જુદા દેશનું રાજ્ય સોંપી, સાદું જીવન જીવવાનું શરૂ કર્યું. એક વર્ષ સુધી એમણે અઢળક દાન આપ્યું અને ત્યાર બાદ દીક્ષા લઈને તેઓ નીકળી પડ્યા.



# શેરડીનો રસ

દસ લાખ વર્ષ પહેલા, ગઈ ચોવીસીના પ્રથમ તીર્થંકર, શ્રી ઋષભદેવ ભગવાને દેવોની હાજરીમાં એક ભવ્ય મહોત્સવમાં દીક્ષા સ્વીકારી. દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસથી પ્રભુએ મૌન પણ ધારણ કર્યું.

પ્રભુ ભિક્ષા વહોરવા(લેવા) જતા ત્યારે સરળ ગામવાસીઓ પ્રભુનું સ્વાગત કરવા માટે પ્રભુના ચરણોમાં સોના, મોતી અને રત્નોના ઢગલા કરતા. પ્રભુ તો મૌનપૂર્વક ત્યાંથી આગળ વધી જતા. ભોજન માટે એમને કશું જ મળતું નહીં. પ્રભુને દીક્ષા લીધે તેર મહિનાથી વધુ સમય વીતી ગયો હતો. ૪૦૦ દિવસથી પ્રભુના ઉપવાસ ચાલી રહ્યા હતા. ગામેગામ વિચરતા જતા, એક દિવસ પ્રભુ હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા.

બપોરનો સમય હતો. પ્રભુ ભિક્ષા માટે નગરમાં નીકળ્યા હતા. પ્રભુ આગળ હતા, લોકો એમની પાછળ ચાલી રહ્યા હતા.

અંદર અંદર લોકો વાતચીત કરી રહ્યા હતા, 'પ્રભુ કંઈ લેતા નથી, પ્રભુ કંઈ બોલતા પણ નથી.' નગરના લોકો પ્રભુને અલંકારોની ભેટ ધરી રહ્યા હતા.

યુવરાજ શ્રેયાંસકુમાર એમના મહેલમાંથી બહાર નીકળ્યા. લોકોમાં થઈ રહેલો કોલાહલ યુવરાજે સાંભળ્યો. અતિ આનંદિત થઈ એમણે પ્રભુના દર્શન કર્યા. પ્રભુના ભાવપૂર્વક દર્શન કરતાની સાથે જ શ્રેયાંસકુમારને એવું જ્ઞાન થયું, કે જેનાથી એમને ખ્યાલ આવી ગયો કે પ્રભુ ભિક્ષામાં શું લેશે.

તરત જ શ્રેયાંસકુમારે પ્રભુને શેરડીના રસથી ભરેલા સુવર્ણ ઘડાઓ ભેટ ધર્યા.



શ્રેયાંસકુમારે પ્રભુને વિનંતી કરી, 'ભગવાન, આ શેરડીનો રસ ગ્રહણ કરો.' પ્રભુએ પોતાનો હાથનો ખોબો આગળ ધર્યો. શ્રેયાંસકુમારે ખૂબ દિલથી અને ભાવથી પ્રભુને શેરડીનો રસ પીવડાવ્યો. આમ, પ્રભુનું પ્રથમ પારણું શ્રેયાંસકુમારે શેરડીના રસથી કરાવ્યું.

પ્રભુના પારણાના પ્રભાવથી આકાશમાં પાંચ દીવાઓ પ્રગટ થયા.

ઋષભદેવ પ્રભુને તેર તેર મહિનાઓ સુધી ભિક્ષામાં ખાવા-પીવાલાયક કશું ના મળ્યું તેની પાછળ એક રહસ્ય હતું.

આગળના કોઈ ભવમાં પ્રભુએ એક ખેડૂતને પોતાના બળદોને લાકડીથી મારતા જોયો. કારણ એમ હતું કે કામ કરતી વખતે બળદો અનાજ ખાઈ રહ્યા હતા. નિર્દોષ પ્રાણીઓ ઉપર મરાતી લાકડીઓ જોઈને પ્રભુનું હૃદય દ્રવી ઊઠ્યું.

બળદોને માર ન પડે અને બળદો અનાજ પણ ના ખાઈ જાય, તે માટે પ્રભુએ ખેડૂતને બળદોના મોઢે શીકું(મોઢું બાંધવા માટે ઝોળી) બાંધવાની સલાહ આપી. કામ પૂરું થતા, ખેડૂતને શીકું છોડવાનું યાદ ના આવ્યું. પરિણામે બળદો તેર ઘડી અન્ન-જળ વિના રહ્યા અને ખૂબ નિસાસા નાખ્યા.

પ્રભુની સલાહના કારણે બળદોને અન્ન વગર રહેવું પડ્યું. બળદોને અન્ન ખાતા આંતર્યા(અટકાવ્યા) અને એ ભૂલનું પરિણામ એવું આવ્યું કે તેર મહિના સુધી પ્રભુને ભિક્ષા ના મળી.

અને આમ, પ્રભુની એક નાનકડી ભૂલના કારણે બળદોને તેર ઘડી અન્ન-જળ વગર રહેવું પડ્યું. આના ફળ સ્વરૂપે બીજા જન્મમાં એમને તેર મહિના સુધી ભિક્ષા મેળવવામાં અંતરાય ભોગવવા પડ્યા.





# મરુદેવી માતાનું કેવળજ્ઞાન




ઋષભદેવ ભગવાનની દીક્ષા બાદ, મરુદેવી માતા એમની યાદમાં ખૂબ રડતા હતા. રડવાને કારણે એમની આંખો પર પડ જામી ગયા હતા. એમને દેખાવાનું પણ બંધ થઈ ગયું હતું. તેઓ ઘણી વાર પોતાના પૌત્ર ભરતરાજાને ઋષભદેવ ભગવાનની ખબર અંતર પૂછવા માટે કહેતા.

એક દિવસ ભરતરાજા ખૂબ આનંદના સમાચાર લઈને મરુદેવી માતા પાસે આવ્યા અને જણાવ્યું, 'પ્રભુજીને કેવળજ્ઞાન થયું છે. ચાલો, આપણે પ્રભુને વંદન કરવા જઈએ.'

હાથી પર બેસીને મરુદેવી માતા અને ભરતરાજા ભગવાનને વંદન કરવા નીકળ્યા. સમોવસરણની નજીક પહોંચતા જ મરુદેવી માતાને દેવો અને ગાંધર્વોના હર્ષોલ્લાસના અવાજ સંભળાયા. એ હર્ષ અને આનંદની ધ્વની (અવાજ) સાંભળીને મરુદેવી માતાની આંખોમાંથી આનંદના આંસુ સરી પડ્યા અને એ આંસુઓથી એમની આંખો પર જામેલા પડ ધોવાઈ ગયા અને એમને સ્પષ્ટ દેખાવા લાગ્યું.

જે ક્ષણે મરુદેવી માતાએ એમના પુત્ર, એટલે કે તીર્થંકર ભગવાન શ્રી ઋષભદેવના દર્શન કર્યા, તે જ ક્ષણે એમને અતિશય આનંદ ઊભરાયો અને ત્યારે જ એમને કેવળજ્ઞાન થયું અને આયુષ્ય પુરું થતા તે જ સમયે તેઓ મોક્ષગતિને પામ્યા.






# શ્રી બાહુબલીનું કેવળજ્ઞાન

ઋષભદેવ ભગવાનને સો પુત્રો હતા. ભરત સહુથી મોટા હતા અને બાહુબલી નાના. ભગવાને અયોધ્યાની ગાદી ભરતને સોંપી અને બાહુબલીને તક્ષશિલા સોંપ્યું. ભગવાનને કેવળજ્ઞાન થયું, પછી ભરત અને બાહુબલીના અન્ય ભાઈ-બહેન પણ ત્યાગ લઈને ભગવાન સાથે જોડાઈ ગયા.

બાહુબલીનું રાજ્ય જીતવા માટે ભરતરાજા અને બાહુબલી વચ્ચે એક મોટું યુદ્ધ થયું. યુદ્ધમાં એક એવી ક્ષણ આવી પહોંચી, જ્યારે ભરત રાજાને મારી નાખવા માટે બાહુબલીએ હાથ ઉપાડ્યો. પણ એ જ ક્ષણે બાહુબલીને પોતાની ભૂલ સમજાઈ. પોતાના મોટા ભાઈને મારવા માટે ઊંચા થયેલા હાથથી એમણે પોતાના જ માથાના વાળ ખેંચી કાઢ્યા અને રાજ્ય, વૈભવ, સંપત્તિ છોડીને પોતાના પિતા ઋષભદેવના પગલે ત્યાગી થઈને, રાજપાટ છોડીને ચાલી નીકળ્યા.




બાહુબલીને વિચાર આવ્યો, ‘ભગવાન ઋષભદેવની પાસે જઉં. એમની ચરણસેવા કરું. ભગવાન મારો ઉદ્ધાર કરશે.’ પણ ફરી પાછો વિચાર આવ્યો, ‘હમણાં જવું ઠીક નથી. મારા નાના ભાઈઓ ત્યાં છે. તેઓ મોટા જ્ઞાની થઈ ગયા છે. વળી તેઓ મારાથી પહેલા ત્યાગી બન્યા છે. એટલે મારા માટે વંદનીય છે. હું ઉંમરમાં એમનાથી મોટો છું. તો મારા નાના ભાઈઓને કેમ નમું ? ના, ના

અહીં જ રહીશ, તપ કરીશ અને જાતે જ જ્ઞાન મેળવી લઈશ.'

એમ વિચારીને બાહુબલીએ ઘોર તપ કરવાનું આરંભ(ચાલુ) કર્યું. એમનું શરીર સૂકાઈ ગયું. માથે મોટી જટા વધી ગઈ. વનના પશુ-પંખી આવીને એમને હેરાન કરવા લાગ્યા. પણ બાહુબલી તો ના હાલે કે ના ચાલે. મૂંગા મૂંગા ધ્યાન કરે, દુઃખ સહન કરે, ના કશું ખાય કે ના પીવે. એમનો નિશ્ચય અડગ હતો.

હાથી જેવી એમની કાયા સાવ સૂકાઈ ગઈ. ભમરા જેવી આંખોની



નીચે ઊંડા ઊંડા ખાડા પડ્યા. ભીમ જેવું શરીર જાણે હાડકાનો માળો બની ગયું અને ચંદ્ર જેવું રૂપ સાવ કરમાઈ ગયું.

આ વાતને બાર-બાર મહિનાઓ વીત્યા. પણ એમને સાચું જ્ઞાન પ્રાપ્ત નહોતું થતું.

ભગવાન ઋષભદેવને આ વાતની ખબર પડી, કે બાર-બાર મહિનાઓથી બાહુબલી તપ કરે છે. પણ એમને સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. એનું કારણ શું ? ભગવાને જાણ્યું, કે બાહુબલીએ બધું છોડ્યું છે. પણ માન છોડ્યું નથી. માન જો દૂર થાય તો જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય.

ભગવાન પાસે બે સાધ્વીજીઓ હતા, બ્રાહ્મી અને સુંદરી. તેઓ ભગવાન ઋષભદેવની દીકરીઓ હતા અને બાહુબલીની બહેનો. ભગવાને બંને બહેનોને કહ્યું, 'તમે બાહુબલી


પાસે જાઓ અને એમને એમનું માન છોડાવો. માનના લીધે બાહુબલીનું તપ નિષ્ફળ જાય છે.'

સાધ્વીજીઓએ કહ્યું, 'જેવી પ્રભુની આજ્ઞા', એમ કહી તેઓ બાહુબલી પાસે આવ્યા. એમણે બાહુબલીના આકરા તપ અને ભક્તિભાવ જોયા. બંનેએ બાહુબલીને પ્રેમપૂર્વક વંદન કર્યા અને ધીમે રહીને કહ્યું, 'હે મારા વીરા, હાથી ઉપરથી નીચે ઊતરો. જે જોઈએ તે મળશે.' આટલું કહીને સાધ્વીજીઓ ચાલ્યા ગયા.

બાહુબલીને વિચાર આવ્યો, ''અહીંયા નથી હાથી કે નથી હાથણી ! હું ક્યાં કોઈ હાથી પર બેઠો છું ?! જમીન પર ઊભો છું અને ઊભો ઊભો તપ કરું છું. પણ મારી બહેનો ખોટું તો બોલે નહીં. તો 'હાથી પરથી નીચે ઊતરો' એનો અર્થ શું ?''

બાહુબલીએ ખૂબ વિચાર કર્યો અને અચાનક એમને અર્થ સમજાયો. 'માનરૂપી હાથી છે અને એના પર હું બેઠો છું. માની 'જ્ઞાની' ના થઈ શકે. હું મારા ભાઈઓ પાસે જઉં, એમને વંદન કરીને એમની માફી માગું.'

આ વિચાર આવતા જ બાહુબલીનું માન તૂટી ગયું. જેવા તેઓ ભાઈઓ પાસે જવા માટે પગ ઉઠાવે છે, કે તરત જ એમને કેવળજ્ઞાન થાય છે.



# શ્રી ભરતરાજાનું કેવળજ્ઞાન

ભરતરાજા સુંદર રીતે રાજ્ય કરતા હતા. સમયે સમયે ઋષભદેવ ભગવાનના દર્શને જતા અને ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલતા.

ભરતરાજાની સાહેબીનો પાર નહોતો. એમની પાસે ધનના ઢગલા હતા અને રત્નના ભંડાર હતા. એમના રાજ્યમાં ઠેર ઠેર ભોજનશાળાઓ હતી. જેને જમવું હોય તે જમી જાય. કોઈ કોઈને રોકે નહીં. ભૂખ્યા ભોજન જમીને રાજાને આશીર્વાદ આપતા જાય.



વિદ્યાશાળાઓ અને કસરતશાળાઓ પણ રાજા ભરતના રાજ્યમાં ઠેકઠેકાણે જોવા મળે.

લોકો કહેતા, કે રાજા ભરતની પ્રજા જેવી કોઈ પ્રજા સુખી કે સમૃદ્ધ નથી. રાજા ભરત જેવો ન્યાય પણ કોઈનો નહીં. સહુ કોઈ રાજા ભરતના વખાણ કરતા.


રાજા ભરતે અદ્ભૂત કારીગરીવાળા મોટા મોટા મહેલો બંધાવ્યા હતા. બધા મહેલોમાં સહુથી સુંદર અરીસાભવન હતું. એ મહેલમાં ચારેકોર અરીસા હતા. અરીસાની ભીંતો હતી અને કાચના બારી-બારણાં. જોતા જ છક થઈ જવાય એટલો સુંદર એ મહેલ હતો. ઘણી વાર ભરત રાજા ત્યાં જતા. અરીસાના હોજમાં નહાતા અને અરીસાના ખાટલા પર સૂઈ જતા. જ્યારે અરીસાભવનમાં રોશની થતી, ત્યારે આખો મહેલ ઝગમગી ઊઠતો.


એક દિવસ સ્નાન કરીને ભરત રાજાએ સુંદર વસ્ત્રો અને આભૂષણો પહેર્યા. અરીસાભવનના મોટા અરીસામાં એમણે પોતાનું રૂપાળું મુખ જોયું.

એટલામાં એમની નજર પોતાની એક આંગળી તરફ ગઈ. રાજાને થયું, 'આ આંગળી કેમ આટલી બેડોળ લાગે છે !' પછી ખ્યાલ આવ્યો, કે આંગળી પર વીંટી નથી. વીંટી વગર આંગળીનું કંઈ રૂપ જ નહોતું લાગતું. એ જોઈને ભરત રાજાને થયું, 'તો શું આભૂષણોને લીધે જ રૂપ છે ? ખરું રૂપ કંઈ હોતું જ નથી ?!' અને એમને તપાસ કરવાનું મન થયું, કે ઘરેણાં વગર બીજા અંગો કેવા દેખાય છે? એમણે માથેથી મુગટ ઉતાર્યો, કાનેથી કુંડળ ઉતાર્યા, હાથેથી બાજુબંધ ઉતાર્યા, કેડેથી કંદોરો ઉતાર્યો. બધા ઘરેણાં દૂર કર્યા ને જોયું, તો રૂપ સાવ બદલાઈ ગયું.

ભરતરાજાને વિચાર આવ્યો, 'હું કેટલો મૂર્ખ છું, કે આ ખોટા રૂપમાં રાચી રહ્યો છું. આ બધી બહારની વસ્તુઓનું જ રૂપ છે ને ! મારું ખરું રૂપ શું છે ? આ ખોટા રૂપમાં હું ભાન ભૂલી ગયો.' ભરતરાજા ઊંડા વિચારમાં ઊતર્યા. એમને થયું, 'આભૂષણો તો આજે છે ને કાલે નથી. શરીર પણ નાશ પામશે. તો ખરું શું છે ?'

વિચાર કરતા કરતા પ્રભુ સાથે તાર જોડાઈ ગયો. હૃદય પવિત્ર થવા લાગ્યું અને સંપૂર્ણ રીતે શુદ્ધ થતા કેવળજ્ઞાન પ્રગટ થયું !





# જ્ઞાનીઓ કહે છે...

ઋષભદેવ ભગવાનના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી, ભગવાનની આજ્ઞામાં રહીને રાજપાઠ ચલાવતા હતા. દાદા ભગવાને કહ્યું છે, કે ભરત રાજાને ઋષભદેવ ભગવાન પાસેથી અક્રમ વિજ્ઞાન પ્રાપ્ત થયું હતું. રાજ વૈભવ ભોગવતા ભોગવતા પણ ભરત રાજાને 'હું શુદ્ધાત્મા છું' એ લક્ષ નિરંતર રહેતું હતું.

શાસ્ત્રમાં ક્રમિક જ્ઞાન અને અક્રમ જ્ઞાનના વિભાજન થયેલા છે. ક્રમિક જ્ઞાન એટલે પગથિયે પગથિયે ઉપર ચઢવું અને અક્રમ એટલે લિફ્ટમાં ઉપર જવું.

ક્રમિક જ્ઞાન એટલે પોતાના રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ ઓછા કરતા કરતા જવું અને પછી આત્મજ્ઞાન પ્રાપ્ત થવું અને પહેલું અંદરનું આત્મજ્ઞાન પ્રગટ થઈ જવું અને પછી બહારનું બધું ક્લિયર કરવું એનું નામ અક્રમ.

આ કાળમાં અક્રમ જ્ઞાનના પ્રણેતા, દાદા ભગવાન થઈ ગયા.

# તીર્થંકર ભગવાન વિષે


નાનપણમાં ભગવાનને ખરાબ સોબતથી બચાવવા માટે દેવો બાળક બનીને એમની સાથે રમવા આવે. ભગવાન ગમે એટલું રમે તોય એમને થાક ન લાગે. એમને પરસેવો પણ ના થાય. એમના શરીરમાંથી હંમેશાં સુગંધ આવ્યા કરે અને ભગવાનના લોહીનો રંગ સફેદ હોય.

નાનપણથી જ ભગવાનને કેટલાય પ્રકારના જ્ઞાન હોય. ભગવાનને કેવળજ્ઞાન થાય પછી તેઓ આખા બ્રહ્માંડને જોઈ શકે, સમજી શકે અને પોતે અનંત સુખમાં કાયમ રહે.



કેવળજ્ઞાન થયા પછી જ્યારે તીર્થંકર ભગવાન દેશના આપે ત્યારે એ સાંભળવા માટે વાઘ, સસલું, સિંહ, બકરી, બધા ડર, વેર-ઝેર ભૂલીને આજુબાજુમાં બેસી જાય. ત્યાં બેઠેલા કોઈનેય ભૂખ, તરસ કે થાક ના લાગે. બધું શાંત થઈ જાય.

ભગવાનની વાણી અદ્ભુત હોય. દરેક જીવ પોતપોતાની ભાષામાં સમજી જાય. કોઈને દુઃખ ના થાય એવી હોય.



ભગવાન જ્યાં પગ મૂકે ત્યાં વૃક્ષો નમીને એમને છાયા આપે. કાંટા આપમેળે ઊંધા થઈ જાય, જેથી ભગવાનને વાગે નહીં. કમળ હાજર થઈને એમના પગનું રક્ષણ કરે.

ભગવાનને વાળ ના વધે. દાઢી-મૂછ ના વધે. નખ ના વધે.

ભગવાન જ્યાં જાય ત્યાં બધી જ ઋતુના ફળ મળે. દૂર દૂર સુધી રોગચાળો ના હોય. જીવજંતુનો ત્રાસ ના હોય. કરોડો દેવી-દેવો ભગવાનની સેવામાં કાયમ હાજર જ હોય.

બધે શોધ્યા પછી અંતે આલુના ઘરે ચીલી મળે છે અને એ આલુને કહે છે કે તું કેમ કોકોનો સાથ આપે છે ? આલુ ચીલીને એના બાળપણની, સિંગિંગની વાતો યાદ કરાવે છે. જ્યાં એને સિંગિંગ કરવાની ખુબ મજા આવી હતી. હજી પણ આલુ એને કંઈ કહેવા માંગે છે ? આજની વાત ચીલી કહેશે.




આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here : https://dbf.adalaj.org/R32d924x

આલુ એકી શ્વાસે બોલી રહ્યો હતો અને હું પણ એને ધ્યાનથી સાંભળી રહ્યો હતો, ‘અને આ કૉમ્પિટિશન પાછળ તું એ વાત જ ભૂલી ગયો, કે તને સિંગિંગ કેટલું ગમે છે ! તને ખબર છે ? તું કૉમ્પિટિશન કોકોના કારણે કે મારા કારણે નથી હાર્યો. તું હાર્યો, કેમ કે તું ભૂલી જ ગયો, કે તને ગાવાનું કેટલું ગમે છે. ‘કોકોને કેવી રીતે હરાવું અને હું કઈ રીતે જીતું’ એવું જ તું વિચારતો રહ્યો. સતત ‘કોકો કોકો’ કરતા કરતા તું ભૂલી જ ગયો, કે તું એને હરાવવા નથી ગાતો, તું તો એન્જોય કરવા ગાય છે...

‘મને ખબર છે, કે તને આ બધું કેમ બળે છે, એટલે તો મેં તારા



માટે પાર્ટી રાખી હતી. જેમાં તને હું એક સિક્રેટ વાત કહેવાનો હતો. પણ તું તો મારી વાત સાંભળ્યા વગર જ જતો રહ્યો !'

'સિક્રેટ ? શું સિક્રેટ ?' આલુને કઈ સિક્રેટ ખબર છે, જે મને નથી ખબર. આમ તો જંગલના બધા જ સિક્રેટ મને પહેલા ખબર પડી જાય છે. તો આ કેવી રીતે મને નથી ખબર ?

'તને ખબર છે ? ટાકો ઘોડો ગયા વર્ષે રેસકોર્સમાં ભાગ લેવા શહેરમાં ગયો હતો. એણે ડ્યુ-ટ્યૂબ પર બહુ બધા રેસકોર્સના વિડિયો જોયા અને એણે નક્કી કરી લીધું કે, હું પણ રેસકોર્સમાં ભાગ લઈશ.' આલુની વાત સાંભળીને હું થોડો કન્ફ્યૂઝ થઈ ગયો. અને પછી આલુ મને આગળ કહેવા માંડ્યો, 'અરે, રેસકોર્સ એટલે જેમાં બધા ઘોડા સાથે દોડે અને કોણ ફર્સ્ટ આવે એની હરીફાઈ થાય.'

એની આ વાત સાંભળીને મેં એને ચાંચ જ મારી દીધી અને કહ્યું, 'આ ક્યાં સિક્રેટ છે ? આ તો આખા જંગલને ખબર છે, કે એમાં ટાકો હારી ગયો એટલે પાછો આવી ગયો અને પછી રોજ જંગલની



સરહદ પર ગોળ ગોળ દોડ્યા કરે છે. મને તો પાર્સલી કહેતો હતો, કે એ કોઈને પણ જુએ એટલે દોડવા માંડે છે. આમાં શું સિક્રેટ છે.’

‘સિક્રેટ એ છે, કે મારા સિવાય સાચી સ્ટોરી કોઈને ખબર જ નથી. હું તને કહું. ટાકો શહેરમાં ગયો. એણે રેસકોર્સમાં એડમિશન લીધું અને પછી બહુ પ્રેક્ટિસ કરવા લાગ્યો. ત્યાં પ્રેક્ટિસ કરતા કરતા એને બ્રાઉની મળ્યો, જે એનો બેસ્ટ ફ્રેન્ડ બની ગયો. બંને સાથે ને સાથે રહેતા અને બંને એકબીજાને કહેતા કે ‘જોજે, હું જ જીતીશ !’

‘એમ કરતા કરતા હરીફાઈનો દિવસ આવી ગયો. ટાકો કે બ્રાઉની બેમાંથી કોઈ આખી રાત સૂઈ નહોતું શક્યું. ટાકોને પહેલી




વખત પાર્ટ લેવાનો ઉત્સાહ હતો, તો બ્રાઉનીને પહેલા આવવાની ઈચ્છા. બંને સવારે સરસ તૈયાર થયા. પછી ખબર છે રેસમાં શું થયું ?' મને ખબર હતી, કે રેસમાં શું થયું, તો પણ મેં મૂરખની જેમ આલુને પૂછ્યું, 'શું થયું ?' તો મને કહે, 'બ્રાઉની જીતી ગયો અને ટાકો હારી ગયો.'

મેં એને કહ્યું, 'અરે આલુ, મને શું આખા જંગલને આ વાતની ખબર છે. આમાં સિક્રેટ શું છે ?' આલુ એકદમ સેડ થઈને બોલ્યો, 'ચીલી, ટાકો ખાલી રેસ નહોતો હાર્યો, ટાકો રેસ અને પોતાનો બેસ્ટ ફ્રેન્ડ બંને હારી ગયો હતો !'



**શું ? ટાકો પોતાનો બેસ્ટ ફ્રેન્ડ કેવી રીતે હારી ગયો ? એવું તો રેસમાં શું બન્યું ?**

# ચાલો રમીએ...



# ચાલો રમીએ...

નીચે આપેલી વસ્તુઓ ચિત્રમાં ક્યાં છે એ શોધો.



# Summer camp

# બાળકો માટે સંસ્કાર સિંચન શિબિર વર્ષ ૨૦૨૬

| | Group - ૪ થી ૭ વર્ષ | | Group ૮ થી ૧૨ વર્ષ | |
|---|---|---|---|---|
| સેન્ટર | તારીખ | સંપર્ક નંબર | તારીખ | સંપર્ક નંબર |
| સીમંધર સીટી | ૫ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ | ૧૯ એપ્રિલ | ૯૩૧૩૬૬૫૫૬૨ |
| અમદાવાદ | ૧૮, ૧૯ એપ્રિલ | ૮૧૬૦૬૨૮૪૭૩ | ૨૨, ૨૫ અને ૨૬ એપ્રિલ | ૯૯૦૪૪૨૭૦૨૯ |
| અમરેલી | - | - | ૨૬ એપ્રિલ | ૯૪૦૮૮૯૮૭૯૨ |
| આણંદ | - | - | ૩ મે | ૭૩૫૯૫૨૯૦૬૭ |
| બરોડા | ૧૯ એપ્રિલ | ૯૭૧૨૯૮૧૫૧૫ | ૨૬ એપ્રિલ | ૯૯૯૮૦૦૮૪૩૫ |
| ભરૂચ | - | - | ૨૬ એપ્રિલ | ૮૩૨૦૭૧૦૬૮૮ |
| ભાવનગર | ૧૯ એપ્રિલ | ૯૪૦૯૪૬૭૧૮૧ | ૩ મે | ૯૫૫૮૮૬૦૨૫૯ |
| ભુજ | ૧૯ એપ્રિલ | ૯૪૨૯૨૯૭૨૨૩ | ૬ મે | ૯૫૩૭૨૮૬૮૫૫ |
| ધોરાજી | - | - | ૩ મે | ૮૨૩૮૭૧૪૯૭૨ |
| ગાંધીધામ | - | - | ૧૯ એપ્રિલ | ૯૪૨૮૩૧૦૭૮૭ |
| જામનગર | ૧૯ એપ્રિલ | ૯૭૨૩૧૪૭૩૧૮ | ૩ મે | ૯૮૭૯૫૫૧૫૧૮ |
| જુનાગઢ | - | - | ૧૦ મે | ૮૩૬૦૧૪૩૦૦૯ |
| મહેસાણા | ૧૨ એપ્રિલ | ૮૪૬૯૨૬૪૬૦૫ | ૨૬ એપ્રિલ | ૯૪૨૭૬૫૦૩૮૨ |
| મોરબી | ૨૯ માર્ચ | ૯૭૨૫૧૯૯૧૪૪ | ૨૬ એપ્રિલ | ૯૯૭૮૬૩૩૦૩૫ |
| મુંબઈ | બોરીવલી અને મુલુંદ ૧૧ એપ્રિલ<br>ઘાટકોપર - ૧૨ એપ્રિલ | ૮૬૫૨૮૯૦૦૬૬ | ૧૨ એપ્રિલ | ૯૮૬૭૯૮૯૨૦૨ |
| રાજકોટ | ૨૬ એપ્રિલ | ૮૮૪૯૦૪૩૩૬૨ | ૩ મે | ૭૭૭૯૦૨૩૭૨૬ |
| સુરત | ૨૯ માર્ચ | ૯૭૨૫૧૯૮૪૫૪ | ૧૫ માર્ચ | ૯૫૭૪૦૦૮૪૯૮ |
| વેરાવળ | ૩ એપ્રિલ | ૮૯૮૦૪૮૩૬૮૩ | ૮ મે | ૯૭૧૨૧૯૧૮૮૭ |
| વલસાડ | - | - | ૨૬ એપ્રિલ | ૯૭૧૪૯૦૯૯૯૪ |

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના ‘સ્ટોર ઓફ હેપ્પીનેસ’ પર સાંજે ૫:૦૦ થી ૬:૩૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૨૨ માર્ચથી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૯૩૧૩૬૬૫૫૬૨

જેવા ઋષભદેવ ભગવાન હતા, એવા જ
શ્રી સીમંધર સ્વામી ભગવાન આજે પણ
હાજર છે. તેની એક ઝાંખી જોવા માટે
નીચેની લીંક પર કલીક કરો...

અને... અને... અને.....
૧૧ એપ્રિલના આ જ લીંક પર જુઓ
મહાવિદેહ ક્ષેત્ર ખરેખર કેવડું છે !!!
જોવાનું ભૂલશો નહીં.

https://dbf.adalaj.org/VeVKQjJn

